
# કા'બા શરીફનું ગુસ્લ ઇતિહાસની રોશનીમાં




**લેખક : શફીક઼ અહમદ ફારૂક઼ી–મદીના મુનવ્વરા**

**અનુવાદક : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**

(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)



**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**પ્રકાશક**

GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧,(ઘર) ૨૮૦૧૯૨,
૨૮૦૨૯૨, Web. barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.: ૧૬૬ | આવૃત્તિ–૧ | પ્રત:૪૫૦૦ |
| ૧૦ ઝિલહજ્જ | હિ.સ. ૧૪૨૯ | ડિસેમ્બર–૨૦૦૮ |

પોસ્ટકાર્ડ લખી કે SMS કરી મફત મંગાવો !
94274 64411 | 94278 17399

નૂરાની આર્ટ દયાદરા




-:::::: **અનુક્રમણિકા** :::::-


| | |
|---|---|
| ❋ કા'બાના બાંધકામનો ઈતિહાસ | 04 |
| ❋ કા'બાના ગુસ્લનો ઈતિહાસ | 06 |
| ❋ સૌથી પ્રથમ ગુસ્લે કા'બા | 07 |
| ❋ ખાનએ કા'બાના ગુસ્લની તારીખો | 08 |
| ❋ ખાનાએ કા'બાના ગુસ્લની સહીહ તારીખો | 08 |
| ❋ કા'બા શરીફના ગુસ્લની વિધિ | 09 |
| ❋ ગુસ્લે કા'બાનો તરીક઼ો | 10 |
| ❋ ગુસ્લે કા'બાની દુઆઓ | 11 |
| ❋ ગુસ્લે કા'બાનું તબર્રુક | 14 |
| ❋ કા'બા શરીફને સુગંધિત રાખવું | 15 |
| ❋ એહરામે કા'બા | 16 |
| ❋ કા'બા શરીફની ચાવી | 20 |
| ❋ શાહી વઝીફો | 20 |
| ❋ વર્તમાનકાળના ચાવી ધરાવનાર | 21 |
| ❋ ચાવી ધરાવવાની પાત્રતા | 21 |
| ❋ કા'બાના ગુસ્લ માટે આબે ઝમઝમની પસંદગી | 22 |

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَنُصَلِّیۡ وَنُسَلِّمُ عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

તારીખોમાં સામાન્ય ફેરબદલ સાથે દર વરસે બે વાર ખાનાએ કા'બાને ગુસ્લ આપવામાં આવે છે. આ ભવ્ય પ્રસંગમાં સઊદી હુકૂમતના અગ્રણીઓ સિવાય ઈસ્લામી દેશોના સફીરો તથા આગેવાનો ઉપસ્થિત રહે છે. સામાન્યજનોને માત્ર એટલા માટે પ્રવેશ નથી મળતો કે વ્યવસ્થા તૂટી જાય છે અને ભીડ પર અંકુશમાં સખત મુશ્કેલીઓ ઉભી થાય છે. અલ્બત્ત કા'બા શરીફને ગુસ્લ આપ્યા પછી તેનું ધોવાણ સામાન્ય લોકો સુધી હાથો હાથ પહોંચે છે જે ઝાઈરીનના હસ્તે વિશ્વભરના મુસલમાનો સુધી તબર્રુકરૂપે પહોંચી જાય છે.

આ તબર્રુકની અસલ બૈતુલ્લાહ શરીફની પવિત્રતા છે. બ્રહ્માંડમાં સૌ પ્રથમ પાણી સર્જન પામ્યું. પાણીની લહેરો ચારે તરફથી આવી એક ખાસ સ્થળે ટકરાતી એનાથી ઉત્પન્ન થતું ફીણ ધીરે ધીરે જામીને માટી બનવા લાગ્યું. પાણીની સપાટી પર સૌ પ્રથમ જ્યાં માટી બની એ જ ખાનએ કા'બાની જગા હતી (જ્યાં આજે કા'બા શરીફ છે). આ જગા દુનિયાના એકદમ મધ્યમાં છે. પછી એ જ માટી ફેલાઈ અને મક્કા શરીફની પવિત્ર ધરતીનો ઉદ્ભવ થયો. ધીરે ધીરે એ જ જમીન પૂર્વ–પશ્ચિમ, ઉત્તર–દક્ષિણમાં વિકસિત થતી ગઈ એટલે જ મક્કા શરીફને 'ઉમ્મુલ કુર્રા' કહેવામાં આવે છે અને દુનિયાના મધ્યમાં હોવાના કારણે એને દુનિયાનું કેન્દ્ર કહેવામાં આવે છે.

આ બધું અલ્લાહ તઆલાની હિક્મતથી થયું હતું કારણ કે એ જ





જમીન બૈતુલ્લાહ શરીફથી મુશર્રફ થવાની હતી. જેમ કે આપણી આ ધરતી પર અલ્લાહ તઆલાની ઈબાદત અને તવાફ માટે બનેલું સૌ પ્રથમ ઘર એ જ પવિત્ર ખાનએ કા'બા છે જે મક્કા મુકર્રમામાં મસ્જિદે હ઼રામની અંદર સહનની વચમાં છે.

## કા'બાના બાંધકામનો ઈતિહાસ

હઝરત આદમ علیہ السلام જમીન પર ઉતર્યા તે પહેલાં જમીન પર ફરિશ્તાઓનો વસવાટ હતો અને અલ્લાહ તઆલાના હુકમથી સૌ પ્રથમ બૈતુલ્લાહ શરીફના બાંધકામનો શર્ફ તેમને જ મળ્યો. કા'બા શરીફની બુન્યાદમાં જે પથ્થરોનો ઉપયોગ તેમણે કર્યો તે જ઼બલે હ઼િરા (મક્કા મુકર્રમા), તૂરે ઝીના, તૂરે તીનાઅ (બૈતુલ મુક઼દ્દસ), તૂરે સીના (મિસ્ર), જ઼બલે અવલિયા (શામ) અને 'જૂદી' પહાડથી લાવવામાં આવ્યા હતા. આ પથ્થર એટલા વજની હતા કે ત્રીસ ત્રીસ માણસો મળીને પણ મુશ્કેલીથી ઉઠાવી શકતા. *(તફસીરે ઈબ્ને કસીર, અઝરકી, તાહિરુલ કુદી)*

એ પથ્થરોને એવી રીતે બેસાડવામાં આવ્યા છે કે જેમ ઊંટો પોતાની ગરદન બીજા ઊંટો સાથે ફસાવી લે છે એમ એ પથ્થરો એકબીજાની સાથે મળેલા છે. એક પથ્થરને હલાવવામાં આવે તો ન કેવળ તે હાલે બલ્કે પૂરો પાયો હલી જાય છે બલ્કે ધરતીની સપાટી પર ભૂકંપ ઉત્પન્ન થાય છે. *(અખ્બારે મક્કા)*

ફરિશ્તાઓની બતાવેલી એ જ બુનિયાદ પર હઝરત આદમ علیہ السلامએ બીજીવાર અને માનવોમાં સૌ પ્રથમ કા'બા શરીફનું બાંધકામ કર્યું. પછી શીશ علیہ السلامએ સુધારો વધારો કર્યો અને તૂફાને નૂહ઼ પછી જ્યારે ખાનએ કા'બા માત્ર એક ટેકરી જેમ દેખાતો હતો ત્યારે હઝરત ઈબ્રાહીમ علیہ السلام અને હઝરત ઈસ્માઈલ علیہ السلامએ જૂના પાયા પર જ નવેસરથી નિર્માણ કર્યું અને હજરે અસ્વદને તેના સ્થાને રાખ્યો. *(અઝરકી ફી અખ્બારે મક્કા)*

ઈબ્રાહીમી બાંધકામ સંપૂર્ણ થઈ ગયું તો અલ્લાહ તઆલાનો હુકમ થયો જેનું વર્ણન કુર્આનમાં આ રીતે થયું છે :–

**وَعَهِدْنَا اِلَى اِبْرَاهِيْمَ وَاِسْمٰعِيْلَ اَنْ طَهِّرَ بَيْتِىَ لِلطَّائِفِيْنَ وَ الْعٰكِفِيْنَ وَ الرُّكَّعِ السُّجُوْدِ۔**

''અને અમે ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તરફ આ આદેશ મોકલ્યો કે મારા આ ઘરને તવાફ તેમજ એ'તેકાફ તથા રુકૂઅ અને સજદા કરનારાઓ માટે ખૂબ પાક તથા સાફ રાખો.'' *(સૂ. બકરહ)*

એકબીજા ઠેકાણે પણ આ હુકમને ફરીવાર ઈર્શાદ ફર્માવવામાં આવ્યો છે :

**وَاِذْ بَوَّاْنَا لِاِبْرَاهِيْمَ مَكَانَ الْبَيْتِ اَنْ لَّا تُشْرِكْ بِىْ شَيْئًا وَّ طَهِّرْ بَيْتِىَ لِلطَّائِفِيْنَ وَ الْقَائِمِيْنَ وَ الرُّكَّعِ السُّجُوْدِ۔**

''અને યાદ કરો ! એ સમયને જ્યારે કે અમે ઈબ્રાહીમ માટે આ ઘરની જગ્યા નક્કી કરી અને આદેશ આપ્યો કે મારી સાથે કોઈને શરીક ન ઠરાવજે અને તવાફ કરનારાઓ તેમજ કયામ કરનારાઓ તથા રુકૂઅ કરનારાઓ અને સજદા કરનારાઓ માટે મારા ઘરને ખૂબ પાક સાફ રાખજે.'' *(સૂ. હજ્જ)*

વારંવાર પાક સાફ રાખવાનો આદેશ એ પાકી તથા સફાઈના તમામ ભાવાર્થો તથા ઉદ્દેશોને સામેલ છે. જેમ કે હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે કે પવિત્ર કા'બાને સુગંધો (ખૂશ્બૂઓ)થી સુગંધિત રાખો કે એ જ એની તત્હીર (સફાઈ) છે. *(અખ્બારે મક્કા)*

બીજા એક ઠેકાણે પણ આપ (હઝરત આઈશા)નો જ ઈર્શાદ છે કે 'કા'બાએ મોઅઝ્ઝમાને સુગંધિત રાખવું મને સોના ચાંદીની ભેટ ચડાવવા કરતાં વધુ ગમે છે.''

ગંદકી, મેલ, ધૂળ માટીની હોય અથવા કચરા પૂજાની હોય, ગંદકી ભલે લોકોની ભીડના કારણે હોય અથવા શિર્કની નાપાકી હોય, આ





બધા જ પ્રકારની ગંદકીઓથી અલ્લાહના ઘરને પાક સાફ તથા સુગંધિત રાખવું એ સફાઈના આદેશમાં સામેલ છે અને તેની પૂર્તિ તેમજ તેના ઉપર અમલ કરવાના પરિણામે કા'બાના ગુસ્લનો પાયો નંખાયો.

## કા'બાના ગુસ્લનો ઈતિહાસ

ઈબ્રાહીમી યુગમાં કા'બાનું બાંધકામ ફક્ત એટલું જ થયું હતું કે દીવાલોને પથ્થર ઉપર પથ્થર રાખીને ગાળા વગર જમાવી આપવામાં આવી હતી, છત પણ ન હતી તથા દરવાજો ન હતો, અંદરનું તળીયુ પણ કાચુ હતું. મતાફ (તવાફ કરવાની) જગ્યા પણ કાચી હતી. કુરૈશી બાંધકામ સુધી તો લગભગ આ જ પરિસ્થિતિ હતી. જેના કારણે આ અરસા દરમ્યાન કા'બાના ગુસ્લની ન તો જરૂરત અનુભવવામાં આવી અને ન તો તેનો કોઈ ફાયદો હતો. કુરૈશી બાંધકામ થયું તો કા'બા શરીફની ઈમારતમાં ઘણાયે ફેરફાર કરવામાં આવ્યા, જેમ કે :–

૧. કા'બા શરીફની બેઠકને આદમીના કદથી પણ ઊંચી કરી દેવામાં આવી.
૨. ઉપર છત (ધાબુ, સિલિંગ) બનાવી દેવામાં આવી.
૩. હતીમ તરફથી કા'બાને લગભગ દસ ફૂટ નાનુ કરી આપવામાં આવ્યું અને એ દીવાલને ઈબ્રાહીમી પાયાને બદલે પોતાના બનાવેલા પાયા ઉપર તામીર કરવામાં આવી.
૪. છત તથા ધાબા ઉપર જવા માટે સીડી ઉભી કરી દેવામાં આવી જે રૂકને ઈરાકીવાળા ખૂણામાં હતી જેમ કે આજે છે.
૫. ધાબા ઉપર હતીમ તરફ પરનાળુ લગાડી દેવામાં આવ્યું જેને મીઝાબે રહમત કહેવામાં આવે છે.
૬. દરવાજો લગાડી દેવામાં આવ્યો અને તેમાં તાળુ પણ લગાડી આપવામાં આવ્યું.

૭. એક ખુદાના નામ પર તામીર થયેલ આ પાક ઘરને શિર્કની ગંદકીથી ગંદુ કરી દેવામાં આવ્યું. કેટલીયે મૂર્તિઓને અંદર રાખી દીધી અને દીવાલો ઉપર તેવી જ આકૃતિઓ બનાવી દેવામાં આવી.

આ પરિસ્થિતિમાં કોઈને તહારત તથા પાક સાફ રાખવાનો વિચાર પણ આવે તો કેવી રીતે ?

## સૌથી પ્રથમ ગુસ્લે કા'બા

હિ.સ. ૮ તથા ઈ.સ. ૬૨૯માં ફત્હે મક્કાના અવસરે ખાતિમુન્નબીય્યીન રસૂલુલ્લાહ ﷺએ કા'બાતુલ્લાહનો દરવાજો ખોલી સર્વ પ્રથમ મૂર્તિઓનો નાશ કર્યો અને તેમને કાઢીને બહાર કરી આપી. ત્યારબાદ દીવાલોને મૂર્તિ તથા આકૃતિઓથી પાક સાફ ફર્માવી. શિર્કની ગંદકીથી અલ્લાહના ઘરને પાક કરીને આપ ﷺએ ઝમઝમ તલબ ફર્માવ્યું. જ્યારે પાણી ભેગુ થઈ ગયું તો આપ ﷺએ સ્વંય જાતે સહાબાએ કિરામની સાથે દીવાલોથી લઈને સંપૂર્ણ કા'બાને અંદર તથા બહારથી ગુસ્લ આપ્યું અને તમામ જાહેરી તથા બાતિની (આંત્રિક તથા બાહ્યરૂપે) નાપાકીથી તથા ગંદકીઓથી અલ્લાહના પાક ઘરની સફાઈની ઐતિહાસિક અગ્રેસરતા અંજામ આપી. *(સીરતની કિતાબો, અઝરકી)*

ઈસ્લામી ઈતિહાસ બલ્કે કા'બા ઈતિહાસનું સર્વ પ્રથમ આજ પેહલુ ગુસલ હતું જેનો શુભારંભ હુઝૂર ﷺએ ફર્માવ્યો અને તેમની તાબેદારી સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعينએ કરી. ત્યારબાદ દર વર્ષે આ સુન્નતે મુતહ્હરા અને સફાઈની ફર્ઝિયતનું વારંવાર પુનરાવર્તન થતુ રહ્યું. એક મુદ્દત સુધી ખાનાએ કા'બાના વાર્ષિક ગુસ્લની આ જ પદ્ધતિ રહી. પરતુ ત્યાર બાદ જરૂરત અનુભવતાં વર્ષમાં બે વાર ગુસ્લ આપવાની પરંપરા ચાલુ થઈ ગઈ. જે પરંપરા આ જ સુધી ચાલી રહી છે. *(બુખારી કિતાબુત તારીખ, મનાસખુલ્કિરામ, તારીખુલ કવીમ)*





## ખાનએ કા'બાના ગુસ્લની તારીખો

ગાઝીએ પોતાના ઈતિહાસની કિતાબમાં હસન બિન અબ્દુલ કાદિર અશ્શરાબીની કિતાબ 'અલ્ ઈત્મામ અલા અઅ્લામિલ્ અનામ'ના હવાલાથી લખ્યું છે કે કા'બાએ અત્હરને વષમાં બે વાર ગુસ્લ આપવામાં આવે છે. એક તો ઝિલ્ કઅદના અંતમાં અને બીજીવાર ૧૨ રબીઉલ અવ્વલની તારીખે.

જ્યારે કે હુસૈન બિન અબ્દુલ્લાહ સબાએ પોતાની કિતાબ 'તારીખુલ કા'બા'માં લખ્યું છે, કા'બાનું ગુસ્લ વરસમાં બે વાર થતુ હતું, એક ઝિલ્ કઅદાના અંત અથવા ઝિલ્ હજ્જના પ્રારંભમાં. જ્યારે કે બીજીવાર ૧૨ રબીઉલ અવ્વલના રોજ ગુસ્લ આપવામાં આવ્યું હતું.

સ્પષ્ટ છે કે આ તારીખોના નક્કી કરવામાં એ જ મસ્લેહત હતી કે એકવાર હજ્જનો મોસમ આવતા પહેલાં ગુસ્લ આપવામાં આવે, અને બીજીવાર હુજ્જાજે કિરામ (હાજીઓ)ની મક્કા મુકર્રમાથી સંપૂર્ણ રવાનગી પછી ગુસ્લ આપવામાં આવે. મુહમ્મદ તાહિર અલ્કુર્દી પોતાની કિતાબ 'તારીખુલ કવીમ'ના ભાગ નં. ૫માં લખે છે કે, ''મેં કા'બા શરીફની ખિદમત કમિટીના અધ્યક્ષ શૈખ મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ સાલેહ બિન અહમદ અશ્શૈબીને છ રજબ હિ.સ. ૧૩૭૬ અને શનિવારના દિવસે મુલાકાતના સમયે પોતે પૂછયું કે કા'બા શરીફને ગુસ્લ ક્યારે આપવામાં આવે છે ? તો તેમણે ફર્માવ્યું કે કા'બા શરીફને વરસમાં બે વાર ગુસ્લ આપવામાં આવે છે, એકવાર શાબાનના અડધા મહિના પછી ૨૫ અથવા ૨૭ તારીખે અને બીજીવાર ઝિલ્ હજ્જની સાત તારીખે.''

## ખાનાએ કા'બાના ગુસ્લની સહીહ તારીખો

ઉપરોક્ત હવાલાઓથી એ વાત સ્પષ્ટ થાય છે કે તારીખોમાં તફાવત

છે. એનો મતલબ એ કે આ તારીખોમાં ફેરફાર કરવામાં આવે છે જેનું કારણ એ બતાવવામાં આવે છે કે તારીખોની જાણકારી થઈ જવાથી પબ્લિકની ભીડ એટલા પ્રમાણમાં ભેગી થઈ જાય છે જેના કારણો ઘણી વ્યવસ્થા સંબંધિત સમસ્યાઓ ઉભી થઈ જાય છે. એટલા માટે ન તો તારીખો નક્કી કરવામાં આવે છે અને ન તો ગુસ્લની તારીખનું અમુક દિવસો પેહલાં એલાન કરવામાં આવે છે, જેથી આવી સમસ્યાઓથી બચી શકાય.

ટૂંકમાં આ નિયમ જરૂર નક્કી છે કે કા'બા શરીફને ગુસ્લ પહેલીવાર હજ્જ પેહલાં આપવામાં આવે છે જ્યારે બીજીવાર કા'બા શરીફને ગુસ્લ તમામ હાજી સાહેબોના પરત થઈ ગયા પછી આપવામાં આવે છે.

## કા'બા શરીફના ગુસ્લની વિધિ

સૂર્યોદયની સાથે કા'બા શરીફને ગુસ્લની વિધિ એક ઠાઠ તથા વૈભવની સાથે શરૂ થઈ જાય છે. પબ્લિકને પેહલાં જરાય પણ ખબર નથી હોતી. એકાએક સૈન્યના ગૃપો હરમ શરીફમાં અત્યંત ખામોશીની સાથે પ્રવેશ કરીને તવાફ શરૂ કરી આપે છે. તવાફ કરતા કરતા તેઓ ધીરે ધીરે કા'બા શરીફના ખૂબ નજીક પોતાનું સ્થાન મેળવી લે છે અને અવામ તેમના પછીની ખાલી જગ્યામાં તવાફ કરવામાં મગ્ન રહે છે. ત્યાર બાદ તેઓ (સૈન્યના જવાનો) કા'બા શરીફથી થોડા અંતરે રહીને આમંત્રિત મેહમાનો તેમજ મોટા મોટા ઈજ્જતદારોને તવાફ કરવાની જગ્યા આપશે.

આ ગતિવિધિ દરમ્યાન કા'બા શરીફના દરવાજા સાથે એક ખાસ સીડી (દાદર) લાગી જાય છે. કા'બા શરીફની ખિદમત કમિટીના અધ્યક્ષ પોતાની વિશેષ શાનની સાથે ઉપર ચઢીને કા'બા શરીફના દ્વારનું તાળુ ખોલી દરવાજાને ખોલી આપે છે. ઉચ્ચ કોટીની હસ્તીઓનું





દરવાજા ઉપર સ્વાગત કરે છે અને તેમની સાથે જ અંદર પ્રવેશ કરીને નફ્લ નમાઝ અદા કરે છે. ત્યારબાદ બીજા આમંત્રિત મહેમાનો તથા અન્ય ઈજ્જતદારો ખાનાએ કા'બામાં પ્રવેશ કરી નફ્લ નમાઝ અદા કરે છે. તે દરમ્યાન ગુસ્લ આપવા માટેની વ્યવસ્થા (તૈયારીઓ) કરી લેવામાં આવે છે.

પબ્લિક બીજા અને ત્રીજા માળેથી અથવા દૂરના ચોગાનમાંથી આ તમામ દશ્યોને બેહદ ઉત્સાહભેર (લાલચભરી દષ્ટિએ) નિહારે છે.

## ગુસ્લે કા'બાનો તરીક઼ો

કા'બા શરીફની બહારનો ગિલાફ કાળા રંગના જાડા કપડાનો હોય છે, જ્યારે કે કા'બા શરીફની અંદરનો ગિલાફ તેનાથી થોડો હલકો પરંતુ લીલા રંગના રેશમી કપડાનો હોય છે જેના ઉપર સફેદ રંગમાં અસ્માએ હુસ્ના (અલ્લાહ તઆલાનાં નામો) તથા કલમાઓ લખેલા હોય છે. આમ તો અંદરનો ગિલાફ સિલિંગ સમેટ તમામ દીવાલો ઉપર ચઢાવવામાં આવ્યો હોય છે, પરંતુ ગુસ્લના કારણે તેને ચારેબાજુથી આદમીના કદથી પણ ઉપર સુધી લપેટી લેવામાં આવે છે.

ગુસ્લમાં શરીક થનારને એક ખૂબસૂરત (સરસ) ઝાડુ આપવામાં આવે છે જેમાં એક લાંબી લાકડી લાગેલી હોય છે. ગુસ્લ આપવા માટે આબે ઝમઝમનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં વધારે માત્રામાં ગુલાબનો અર્ક ઉમેરવામાં આવે છે. સૌથી પહેલાં કા'બા શરીફના ફર્શ (તળીયે, કા'બાની અંદરની જમીન) ઉપર પાણી વહાવવામાં આવે છે. અને ઝાડુની મદદથી તેઓ ફર્શને સાફ કરે છે. ત્યારબાદ દીવાલો ઉપર પાણી વહાવવામાં આવે છે. નાના નાના કપડ઼ાના ટુકડાઓ દરેક શરીકને આપવામાં આવે છે જેની મદદથી તેઓ દીવાલોને સૂકવતા જાય છે. આ તમામ ગતિવિધિઓ દરમ્યાન ઝિક્રે ઈલાહીનો શ્રોત ગુંજતો રહે છે.

દરેક પોતાની કાર્યવાહીમાં મગ્ન રહે છે.

કા'બા શરીફના ફર્શ ઉપર જમા થયેલ પાણીને સ્પોન્ઝના ટુકડાઓની મદદથી શોષીને સંગ્રહ કરી લેવામાં આવે છે. ત્યારબાદ ઊદ વગેરેની ધૂણી આપવામાં આવે છે અને દીવાલો વગેરે ઉપર ખૂશબૂઓ લગાડવામાં આવે છે. ગુસ્લ પૂરું થયા બાદ જ્યારે ગુસ્લ આપવામાં શરીક થનારાઓ બહાર નીકળે છે તો તેમના ચહેરાઓ ઉપર ખુશીની ચમક જોવા મળે છે. અન્વારે ઈલાહીની ઝલક પેશાનીઓ ઉપર સ્પષ્ટ રીતે જોવા મળે છે, مَنْ دَخَلَهٗ كَانَ اٰمِنًا "જે આ ઘરમાં દાખલ થઈ ગયો તે અલ્લાહના અમાન (હિફાઝત)માં આવી ગયો." આ ફઝીલતની અસરો દરેકના ચહેરાથી છલકાતી દેખાય છે. ટૂંકમાં આ દશ્ય જોવા લાયક હોય છે તે લોકો માટે પણ જેઓ એ આદેશ ઉપર અમલ કરવામાં શરીક થાય છે અને તે લોકો માટે પણ જેઓ મુબારક અવસરને પોતાના માથાની આંખોથી નિહાળવાની સઆદત પ્રાપ્ત કરી રહ્યા હોય છે.

## ગુસ્લે કા'બાની દુઆઓ

આજથી સો વર્ષ પહેલાં મિસ્રી પર્યટક 'ઈબ્રાહીમ રિફઅત પાશા' હજ્જનો ફરીઝો અદા કરવા માટે મક્કા મુકર્રમા આવ્યો. તેણે સફરે હજ્જનો એહવાલ પોતાની કિતાબ 'મિર્અતુલ્ હરમૈન'માં રજૂ કર્યો છે. તે લખે છે કે સોમવારના દિવસે અને પાંચ ઝિલ્ હજ્જે ગુસ્લે કા'બાના પવિત્ર તથા વૈભવશાળી પ્રસંગે મને શરીક થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું. મેં આ ક્ષણને પોતાના માટે સઆદત (નેક નસીબી) સમજીને સ્વીકારી લીધી. નક્કી કરેલા સમયે બૈતુલ્લાહ શરીફમાં હાજર થઈ ગયો, તો જોયું કે હુકૂમતની કેટલીયે હસ્તીઓ ઉપરાંત અલગ અલગ દેશોના પસંદગી કરેલ હુજ્જાજે કિરામ પણ ત્યાં ઉપસ્થિત હતા. અમે કા'બા શરીફમાં દાખલ થયા અને તેની ચારે દીશામાં બે બે રકાત નમાઝો





અદા કરી અને દુઆઓ કરી. ત્યાર બાદ અમે ખજૂરની ડાળીઓનાં બ્રશ બનાવીને ઝમઝમના પાણીથી ખાનાએ કા'બાના ફલોર (નીચેની જમીન)ને ગુસ્લ આપ્યું. ત્યાર પછી ગુલાબના પાણી અને અલગ અલગ પ્રકારની ખુશ્બુઓમાં કપડાના ટુકડા ભીંજાવીને કા'બા શરીફના ફર્શ અને તેની દીવાલોને લૂછી. ત્યારબાદ કપડાના ટુકડાઓને અમારી વચ્ચે વહેંચી દેવામાં આવ્યા.

ખાનાએ કા'બાના ગુસ્લનું પાણી હાંસલ કરવા માટે કા'બા શરીફના દરવાજા ઉપર હુજ્જાજે કિરામની એક મોટી સંખ્યા ઉપસ્થિત હતી. અમુક જિમ્મેદાર લોકો બાલ્ડીઓમાં ગુસ્લનું પાણી લાવ્યા અને હાજી સાહેબોને તેમની બોટલોમાં ભરી આપતા. એ જ પ્રમાણે ગુસ્લ આપવાના માટે ઉપયોગ થયેલ ખજૂરના ઝાડની ડાળીઓનાં બ્રશોને પણ તબર્રુક સમજીને પ્રાપ્ત કરવાની કોશિશ કરતા.

મક્કા મુકર્રમાના એક ઈતિહાસકાર 'હુસૈન બાસલામા'નું કહેવું છે કે તેમના યુગમાં ઝિલ્ કઅદા મહિનાના અંતમાં અથવા ઝિલ્ હજ્જ મહિનાના આરંભમાં અને બીજીવાર રબીઉલ અવ્વલની ૧૨ તારીખે કા'બા શરીફને ગુસ્લ આપવામાં આવતું હતું. તેઓ વધુમાં કહે છે કે તેમને ઘણી વાર ગુસ્લે કા'બાના મુબારક પ્રસંગમાં શરીક થવાનો અવસર મળ્યો. સૂર્યોદય થવાની થોડીવાર પછી મુતવલ્લીઓના પ્રમુખ હતીમમાં પહોંચી જતા. તેમની સાથે આલે શૈબી (કા'બાની ખિદમત જે ખાનદાનના હસ્તે છે તે)ના મુતવલ્લીઓ પણ હોય. ત્યાર બાદ કા'બા શરીફનો દ્વાર ખોલવામાં આવે છે. પછી અમુક ખાદિમો ગુલાબનું પાણી, ગુલાબનું અત્તર, અંબર અને ઊદ લઈને હાજર થતા અને અમુક કાશ્મિરી શાલ જેવી તેહબંદ (લુંગી) લઈને હાજર થતા જેથી તેને પહેરીને ખાનાએ કા'બાને ગુસ્લ આપી શકાય. ત્યાર પછી પરંપરા મુજબ મુતવલ્લીઓના પ્રમુખ સૌથી પહેલાં કોઈ બાદશાહને અથવા

વઝીરને ગુસ્લે કા'બા માટે આમંત્રિત કરે છે ત્યાર પહેલાં તમામ જરૂર સામગ્રી હાજર કરી આપવામાં આવતી. જેમ કે હુકૂમતના ઉચ્ચ અધિકારીઓ ઝાડુઓની વ્યવસ્થા અને ઝમઝમના જિમ્મેદારો ઝમઝમને ખાનએ કા'બામાં પહોંચાડવાની વ્યવસ્થા કરતા. આ તમામ સામગ્રી હાજર કર્યા બાદ ગુસ્લ આપવાની કાર્યવાહી શરૂ કરી આપવામાં આવતી. સૌથી પહેલાં દરેક વ્યક્તિ તેહબંદ (લુંગી) પહેરતા. પછી તે ઝમઝમ તેમજ ગુલાબના પાણીથી કા'બા શરીફના ફર્શ તથા દીવાલોને ગુસ્લ આપતા ત્યાર બાદ દીવાલો ઉપર ગુલાબનું પાણી વહાવતા અને ત્યાર પછી ગુલાબના અત્તરનો ઉપયોગ કરવામાં આવતો હતો. ઊદ તથા અંબરનો પણ ઉપયોગ ત્યાર બાદ કરવામાં આવતો અને ખુશ્બુની ધૂણી પણ આપવામાં આવતી હતી. ગુસ્લની તમામ કાર્યવાહી સંપૂર્ણ થયા બાદ હરમ શરીફમાં ઉપસ્થિત રહેલા તમામ લોકોમાં ગુસ્લમાં ઉપયોગ થયેલ સામગ્રી (તબર્રુક રૂપે) વહેંચી દેવામાં આવતી.

ગુસ્લ આપવામાં શરીક લોકોનાં દિલ અલ્લાહના જલાલથી પૂર હોય છે. તેઓ રબ તઆલાની તજલ્લીગાહમાં હોય છે અને અલ્લાહ તઆલાની બેશુમાર રહમતો તેમને પોતાની છત્રછાયામાં ઘેરી રાખે છે. તે સમયે દરેકના ઉપર એક એવી અવસ્થા તરી આવતી હોય છે કે તેઓ પોતાને ન તો હોશમંદ સમજે ન તો બેહોશ સમજતો હોય છે. આ પરિસ્થિતિમાં ક્યારેક તો ઝિક્રે ઈલાહી તેમની ઝબાન પર હોય છે અને ક્યારેક કોઈ દુઆ, પરંતુ દરેકના દિલથી જે દુઆ નીકળે છે અને અલ્લાહ તઆલાના તરફથી જે ખાસ રહમતો અતા કરવામાં આવે છે તે આ જ દુઆનું પ્રતિબિંબ હોય છે :–

**اللهم غسل خطايانا وابدل سيئاتنا حسنات بفضلك ورحمتك يا ارحم الراحمين- اللهم صل على نبينا سيدنا محمد وعلى اله وصحبه وبارك و سلم-**





"હે અલ્લાહ ! અમારી બદ્કારીઓને પણ ધોઈ આપ (મિટાવી આપ) અને અમારી બુરાઈઓને તારા ફઝ્લ તથા રહમતના સદકામાં નેકીઓમાં ફેરવી આપ. હે ! સૌથી મહેરબાન ! રહમ કરનાર ! હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા નબી તથા સરદાર હઝરત મુહમ્મદ ﷺ પર તેમજ તેમની આલ તથા અસ્હાબ પર બરકતો પણ અને સલામ પણ."

ગુસ્લે કા'બા પછી આ ઉપયોગ થયેલ પાણી જે તબર્રુકનું સ્થાન ધરાવે છે તેને પીતી વખતે પણ આ જ દુઆઓ હોવી જોઈએ. જ્યારે કે આપણે બીજી પણ ઘણી દુઆઓ માંગી શકીએ છીએ.

## ગુસ્લે કા'બાનું તબર્રુક

આજે જ નહીં પરંતુ હમેશાંથી મુસલમાનોનો તરીકો રહ્યો છે કે તેઓ કા'બા શરીફના ગુસ્લમાં ઉપયોગ થયેલ પાણીને એક અમૂલ્ય તથા કિંમતી ભેટ સમજીને તેની પ્રાપ્તિ માટે ખૂબ કોશિશો કરે છે, તેને અકીદતથી પીએ છે, માથા ઉપર રહે છે, ચહેરા ઉપર લગાડે છે, સીના (છાતી) ઉપર માલિશ કરે છે, ભેટ રૂપે દૂર દૂરના દોસ્તો તથા સગાં સંબંધીઓને ત્યાં મોકલે છે આ પ્રમાણે દર વરસે કા'બા શરીફના બંનેવ ગુસ્લોનું પાણી કરોડો મુસલમાનોને ત્યાં પહોંચે છે અને તેઓ તેનાથી ફયુઝયાબ થાય છે.

એક તો ઝમઝમનું પાણી જેની ફઝીલત બયાન કરતાં આપ ﷺએ ફર્માવ્યું છે કે, ماءزمزم لِمَاشُرِب لَه એટલે કે, "ઝમઝમ તે દરેક મુરાદ પૂરી કરે છે જેના માટે તેને પીવામાં આવે." આ ઉપરાંત અલ્લાહના ઘરની દરો દીવારની બરકતોથી મિશ્રિત જ્યારે બંને પ્રકારના અન્વાર તેમાં સામેલ થઈ જાય તો નૂરુન્ અલા નૂર સિવાય આ તબર્રુકને શું કહી શકાય ?

ગુસ્લે કા'બાનું પાણી સામાન્યતઃ વહેંચવામાં નથી આવતું અને તેમાં પણ ભીડભાડની તેજ સમસ્યાઓ ઉભી થઈ જાય છે એટલા માટે વસીલા તથા કોઈના આધારે જ તેની પ્રાપ્તિ શક્ય બને છે. આ ઉપયોગ થયેલ પાણી એટલુ સુગંધિત હોય છે કે મેં (મૂળ લેખકે) જ્યારે પણ સાદા ઝમઝમના પાણીની મિલાવટ કર્યા વિના પીધું ત્યારે ત્યારે મારે શરદી તથા નઝલાનો ભોગ બનવું પડયું છે. એટલા માટે બેહતર એ જ છે કે આ પાણીમાં થોડી માત્રામાં આબે ઝમઝમ અથવા સાદુ પાણી ઉમેરીને પીવામાં આવે.

જેવી રીતે આ મોતબર્રક પાણીમાં બરકતો ઘણી છે તેવી જ રીતે આ ગંભીરપણુ પણ ધ્યાનપાત્ર છે કે તેની મામૂલી સરખી બેઅદબીથી પણ બચવામાં આવે.

## કા'બા શરીફને સુગંધિત રાખવું

કા'બા શરીફ ઉપર ખુશ્બૂ લગાડવી આમ તો હમેશાંથી મુસલમાનોમાં પરંપારિક રિવાજ છે. પરંતુ ગુસ્લે કા'બા પછી બીજી વિધિઓના જેમ વિશેષરૂપે દીવાલો ઉપર ખુશ્બુઓને લગાડવી તેમજ ઊદ તથા અંબરની ધૂણી આપવાની વિધિને વિશેષ મહત્વતા પ્રાપ્ત છે. જેમ કે દરેક ગુસ્લે કા'બા પછી દીવાલો ઉપર ખુશ્બુઓ લગાડવામાં આવે છે. બુખૂરો તથા ઊદ અંબર વડે કા'બા શરીફની અંદર તથા બહારથી વાતાવરણને સુગંધિત કરવામાં આવે છે.

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની બે રિવાયતોનું વર્ણન ઉપરોક્ત કા'બા શરીફની સફાઈના વર્ણનમાં થઈ ચૂક્યું છે. મકામે ઈબ્રાહીમ અલ્ ખલીલ નામી કિતાબમાં મુહમ્મદ તાહિર અલ્કર્દીએ નકલ કર્યું છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ જ્યારે કા'બા શરીફના બાંધકામથી ફારિગ થયા તો આપે કા'બા શરીફને ગિલાફ ઓઢાડતાં પહેલાં દીવાલોને અંદર તથા બહારથી મુશ્ક તેમજ





અંબર વડે લીપાવી. ત્યાર બાદ દરરોજ તેઓ એક રિત્લ(તે યુગનો એક માપ) બુખૂર (એક સુગંધનું નામ)ની વ્યવસ્થા કરી તેને કા'બા શરીફની દીવાલો ઉપર લગાડતા અને આ માત્રા જુમ્આના દિવસે બમણી થઈ જતી હતી. (અઝરકી ફી અખ્બારે મક્કા)

હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ના જમાનામાં તેમના તરફથી વરસમાં બે વાર ગિલાફે કા'બાને બદલવામાં આવતો હતો, દીવાલો ઉપર દરેક ચારે બાજુ ખુશ્બુઓને ઘણી માત્રામાં ઉપયોગ કરવામાં આવતો હતો. તેઓ ઘણી માત્રામાં ન કેવળ ખુશ્બુઓ તથા અત્તરો અને બુખૂરો જ મોકલતા હતા બલ્કે તેની સાથે લગાડનાર ખાસ માણસો પણ મોકલવામાં આવતા જેઓ દરેક નમાઝના સમયે ખુશ્બુ લગાડવાની બાકાયદા વ્યવસ્થા કરતા હતા. તેમના પછી બીજા ખલીફાઓ પણ આ તરીકા ઉપર કાર્યરત રહ્યા.

તારીખુલ કા'બામાં હુસૈન બિન અબ્દુલ્લાહ સલામા લખે છે કે ખુશ્બૂઓની બાકાયદા વ્યવસ્થાનો તરીકો હુસૈન બિન અલી શરીફ સુધી આ પ્રમાણે કાયમ રહ્યો. ત્યાર બાદ જ્યારે સઊદી હુકૂમત કાયમ થઈ તો તેમણે કા'બાની ખિદમત કમિટીના અધ્યક્ષને નાણા મંત્રાલય તરફથી કાયદેસર રીતે કા'બા શરીફની ખુશ્બુઓ માટે ફંડ ચાલુ કર્યું જે હાલમાં ચાલે છે.

તારીખુલ કવીમિલ મક્કા વ બૈતુલ્લાહિલ કરીમમાં મુહમ્મદ તાહિર અલ્ કુર્દીએ લખ્યું છે કે અમે હિ.સ. ૧૪૦૪માં રઈસ સદાનાને અબ્દુલ્લાહ બાસલામાના આ લખાણ વિશે ઉલ્લેખ કર્યો તો તેમણે એ ફંડનું સમર્થન કર્યું.

## એહરામે કા'બા

દર વરસે ઝિલ હજજના પ્રારંભમાં કા'બાના ગુસ્લની સાથે જ

કા'બાના ગિલાફને માનવ કદથી ઘણે ઉપર સુધી લપેટી દેવામાં આવે છે અને દીવાલોની નગ્નતાને દૂર કરવાના હેતુથી સફેદ રંગનું કપડુ લપેટી આપવામાં આવે છે જેને પબ્લિક એહરામે કા'બા કહે છે.

હજ્જ પહેલાં કા'બાના ગુસ્લ બાદ કા'બાના ગિલાફને લપેટી દેવો કેવળ એક સાવચેતીપૂર્વકની કાર્યપદ્ધતિ છે, કેમ કે જ્યારે ભીડ ખૂબ જ થવા લાગી તો લોકોની કા'બાના ગિલાફ સાથે ભીડાવા તથા બોસો આપવાની કોશિશના કારણે ખેંચતાણ શરૂ થઈ ગઈ અને કા'બાનો ગિલાફ ફાટવા લાગ્યો અને વળી લોકો તેને તબર્રુક રૂપે પ્રાપ્ત કરવાના માટે ખેંચવા તથા કાપવા લાગ્યા જેનાથી ગિલાફની પવિત્રતા નષ્ટ થવા લાગી એટલા માટે એ ફેંસલો કરવામાં આવ્યો કે એને માનવ કદથી ઉપર સુધી લપેટી દેવામાં આવે.

આ કપડુ સફેદ રંગનું હોય છે જેથી અવામમાં આપોઆપ કહેવાતુ થઈ ગયું કે આ કા'બાનો એહરામ છે જ્યારે કે કા'બાના ગિલાફને લપેટવું અને સફેદ કપડુ પહેરાવવું તેને મનાસિકે હજ્જ સાથે કોઈ દૂરનો પણ સંબંધ નથી. ન સુન્નતે મુતહ્હરા તથા સહાબાના યુગમાં એનું અસ્તિત્વ હતું ન તો શરીઅતે પાકમાં એની કોઈ સાબિતી છે, એક વ્યવસ્થાની જરૂરતથી વધીને એની કોઈ હક઼ીક઼ત નથી.


મામૂન રશીદના યુગમાં સફેદ રેશમનું જાડુ કપડુ લપેટવામાં આવતુ હતું પરંતુ બાદમાં સફેદ સામાન્ય પ્રકારનું કપડુ જ લપેટવામાં આવતુ જે ક્રમ આજે પણ ચાલુ છે. *(અઝરક઼ી-કુર્દી)*

ઈબ્રાહીમી યુગથી લઈને રિસાલતકાળ પહેલાં સુધીના ૨૨૦ વર્ષો સુધી કા'બા શરીફનો દરવાજો બારણા વિનાનો રહ્યો. પછી યમનના રાજા તબઅ હમીરીએ ન કેવળ કા'બામાં દરવાજો લગાડયો બલ્કે તાળ તથા તેની ચાવીની વ્યવસ્થા કરી. એ જ સમયથી એ ચાવી જે





ખાનદાનની પાસે રહી અને આજ સુધી છે આ તે જ શયબી ખાનદાન છે. નિઃશંક ! આ એક શાનની મહાનતા દર્શાવતું સન્માન છે જે આ ખાનદાનને પ્રાપ્ય છે. શયબી ખાનદાન કુરૈશના ક઼બીલીની જ એક શાખા છે, જ્યારે કે આં હઝરત ﷺનો સંબંધ કુરૈશ ક઼બીલાની બીજી શાખા સાથે છે.




સુલહે હુદૈબિયાના આગલા વર્ષે હિ.સ. ૦૭માં ક઼રાર અનુસાર ઉમરાના પ્રસંગે આપ ﷺએ કા'બા શરીફની અંદર જવાના માટે ઉષ્માન બિન તલ્હાથી ચાવી માંગી તો તેમણે ઈન્કાર કરી આપ્યો. એના

પર આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''ઉષ્માન ! એક દિવસ આવશે જ્યારે આ ચાવી મારા હાથમાં હશે અને જેને હું ચાહીશ તેને આપીશ.'' જેથી એવું જ થયું કે આગલા વરસે હિ.સ. ૫૮માં ફતહે મક્કાના પ્રસંગે આપ ﷺના હવાલે કરી આપી. આપ ﷺએ ચાવી લઈને ખૂદ કા'બા શરીફનો દરવાજો ખોલ્યો અને કા'બા શરીફને શિર્કની સર્વ ગંદકીઓથી પાક કર્યો પછી ગુસ્લ આપવામાં આવ્યું ત્યારબાદ કા'બા શરીફને તાળુ મારીને ચાવી પોતાની પાસે રાખી લીધી. હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબે ગનીમત જાણીને અર્ઝ કરી કે, હુઝૂર ! આ ચાવી મને આપી દો ! હજી આપ ﷺએ કોઈ જવાબ આપ્યો ન હતો એવામાં આ આયત મુબારક નાઝિલ થઈ :–

اِنَّ اللّٰهَ يَأْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰى اَهْلِهَا ''લોકોને અલ્લાહના તરફથી એ હુકમ છે કે અમાનતો અમાનતવાળાને સુપરત કરી દેવામાં આવે.'' *(સૂરએ નિસાઅ–૫૮)*

આપ ﷺએ ઉષ્માન બિન તલ્હાને બોલાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યો કે, હવે આ ચાવી હમેશાં હમેશાં માટે હું તમને આપી રહ્યો છું, હવે આ તમારી પાસેથી જાલિમ સિવાય કોઈ છીનવી શકશે નહીં. તે વખતે ઉષ્માન ઈબ્ને તલ્હાના પિત્રાઈ ભાઈ શયબા ઈબ્ને ઉષ્માન પણ ત્યાં મૌજૂદ હતા અને આપ ﷺનું સંબોધન બંનેને સંયુક્ત રીતે હતું. જેથી અમુક અરસા પછી જ્યારે ઉષ્માન બિન તલ્હા હુઝૂરે અકદસ ﷺની મહોબ્બતમાં મદીના જઈને સ્થાયી થઈ ગયા તો એ તમામ સમય દરમ્યાન ચાવી શયબા ઈબ્ને ઉષ્માનની પાસે રહી. ઉષ્માન બિન તલ્હા જ્યારે ફરીવાર મક્કા આવ્યા તો ચાવી તેમની પાસે રહી. પુત્રવિહોણા હોવાના કારણે હઝરત મુઆવિયાના કાળમાં જ્યારે તેમનો ઈન્તેકાલ થઈ ગયો તો ચાવી ફરી શયબા ઈબ્ને ઉષ્માનની પાસે આવી ગઈ અને ત્યારથી આજ સુધી ચાવી એ જ ખાનદાનની પાસે છે. *(તબકાતે ઈબ્ને સઅદ)*





## કા'બા શરીફની ચાવી

પૂરાણા જમાનાથી કા'બાના ગિલાફની સાથે જ એક ખાસ થેલી પણ તૈયાર કરવામાં આવતી હતી જે કા'બાની ચાવીના માટે રહેતી. એ થેલી લીલા રેશમી કપડાની રહેતી હતી જેના પર સોનાના તારોવાળુ સીવણનું કામ થતુ હતું. એ થેલીની એક બાજુ આ આયત اِنَّ اللّٰهَ يَأْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰى اَهْلِهَا *(સૂ. નિસાઅ્)* અને બીજી તરફ આયત اِنَّهٗ مِنْ سُلَيْمَانَ وَاِنَّهٗ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ અને મોકલનારા બાદશાહનું નામ કોતરેલુ હોતું ચાવી ચાંદીની રહેતી જેના પર સોનાની કલઈ હોતી, અને ખાસ્સી લાંબી હોતી.

હવે જ્યારે કે કા'બાનો ગિલાફ જ્યારે ખૂદ મક્કા મુકર્રમામાં સઊદી હુકૂમતની તરફથી તૈયાર કરવામાં આવે છે જેથી આ થેલી પણ ત્યાં જ બનાવવામાં આવે છે અને એના પર પણ એ જ રીતે સોનાના તારોવાળુ સીવણ એક બાજુ સૂરએ નિસાઅ્ની આયત ઉપર દર્શાવેલ તથા બીજી તરફ સઊદી રાજાનું નામ કોતરેલુ હોય છે. કા'બા શરીફનો હાલનો દરવાજો મલિક ખાનદાન ઈબ્ને અબ્દુલ અઝીઝના યુગમાં સોનાનો લગાડવામાં આવ્યો તો એની ચાવી પણ સોનાની બનાવવામાં આવી છે જે પહેલાં કરતાં માપમાં નાની છે, એટલે કે કુલ લંબાઈ ૫૦૦ સે.મિ. છે અને અને તેનું વજન અડધા કિલો જેટલું છે. આ એક જ ચાવી છે અને એ જ પ્રમાણે તાળુ પણ સોનાનું તથા નવુ છે. *(તારીખે કા'બા)*

## શાહી વઝીફો

બનૂ શયબામાં ચાવીના માટે લાયકાત કેવળ ઉમરવાળા હોવું છે. ખાનદાનમાં જે સૌથી મોટી ઉમરવાળો હોય તેને આગલાના વફાત થતાં ચાવી તબદીલ થતી રહે છે. તેમને દેશના ખજાનામાંથી વાર્ષિક ત્રીસ હજાર સઊદી રિયાલ વઝીફા પેટે મળે છે. તદ્ઉપરાંત કા'બાના ગિલાફના

પાંચ લાખ સઊદી રિયાલ પણ મળે છે જેના બદલામાં કા'બાનો ગિલાફ સઊદી હુકૂમતના હસ્તક ચાલ્યો જાય છે જેને હુકૂમત સુરક્ષિત કરી આપે છે.

## વર્તમાનકાળના ચાવી ધરાવનાર

વર્તમાનકાળમાં ચાવી ધરાવવાનું સન્માન શયબી ખાનદાનના અબ્દુલ અઝીઝ અબ્દુલ્લાહ શયબી છે જેમની ઉંમર અત્યારે લગભગ..... વર્ષ છે. અત્યારથી લગભગ.............. વર્ષ પહેલાં તેમને આ સન્માન માજી ચાવી ધરાવનાર........થી હાંસલ થતું હતું. .........જેનો મતલબ એ થયો કે તે લગભગ........... વર્ષથી આ મહાન સ્થાને બિરાજમાન છે.

## ચાવી ધરાવવાની પાત્રતા

કશાય સંકોચ વિના કહી શકાય છે કે અલ્લાહ તઆલાએ જેવી રીતે બૈતુલ્લાહનું સ્થાન પૃથ્વીના કેન્દ્ર પર પસંદ ફર્માવ્યું, કા'બાના બાનીઓની પસંદગી ફર્માવી અને કા'બાના મુતવલ્લીઓ માટે જે તિહામી કબીલાની પસંદગી કરી, બરાબર એ જ પ્રમાણે પોતાના આ મુકદ્દસ ઘરની ચાવી ધરાવવાના માટે પણ જે વંશ કુરૈશ ખાનદાનનો પસંદ કર્યો તે જ ચાવી ધરાવવાને પાત્ર ઠર્યો. એ જ કારણે ફતહે મક્કાના પ્રસંગે આપના હાથમાં ચાવી જોઈને જેવી હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબે ચાવીના માટે દરખાસ્ત મૂકી તો તરત જ આ આયતે મુબારકા નાઝિલ થઈ إِنَّ اللّٰهَ يَأْمُرُكُمْ أَنْ تُؤَدُّوا الْأَمٰنٰتِ إِلٰى أَهْلِهَا એટલે કે બેશક ! આ અલ્લાહનો હુકમ છે કે (ચાવી)ની અમાનત તેના લાયક (શયબી ખાનદાન)ના હવાલે કરી દેવામાં આવે. જેથી આપ ﷺએ એ ચાવી ઉષ્માન બિન તલ્હા અને શયબા બિન ઉષ્માનને સંયુક્ત રીતે હવાલે કરી દીધી.





મોહતરમ છે તે ખાનદાન અને પાકીઝા કુંબો જેને અલ્લાહ તબારક વ તઆલાએ આ મહાન મન્સબના લાયક ઠરાવ્યો અને પોતાના પવિત્ર ઘરની ચાવીની અમાનતને કયામત સુધીના માટે તેમના હવાલે કરી દેવા હુકમનામુ બહાર પાડયું.

## કા'બાના ગુસ્લ માટે આબે ઝમઝમની પસંદગી

જેવી રીતે કા'બાનું ગુસ્લ આં હઝરત ﷺની સુન્નતે પાક છે એવી જ રીતે એના માટે આબે ઝમઝમની પસંદગી પણ આપ ﷺના અનુસરણ પર આધારિત છે. ખૂદ આપ ﷺના કલ્બે અત્હરને ધોવાના માટે જિબ્રઈલે અમીને અલ્લાહના હુકમથી એ જ આબે ઝમઝમની વ્યવસ્થા કરી હતી.

સૂરએ આલે ઈમરાનમાં જેવી રીતે અલ્લાહ તબારક વ તઆલાએ કા'બા શરીફની ફઝીલત બયાન કરી છે તેવી જ રીતે એ પણ ઈર્શાદ ફર્માવ્યો છે કે فِيهِ اٰيٰتٌ بَيِّنٰتٌ એટલે એમાં અલ્લાહ તઆલાની ઉઘાડી નિશાનીઓ છે.

આ ઉઘાડી આયતોમાં મકામે ઈબ્રાહીમ અલ ખલીલ, ઝમઝમ, હજરે અસ્વદ, ખૂદ બૈતુલ્લાહની ભૂમિમાં તેની દિશાઓ અને કા'બાના રુકનો સામેલ છે.

ઝમઝમ ઉઘાડી નિશાની છે તેનું અસ્તિત્વ માનવીય કારનામુ નથી જેવું કે એનું વર્ણન આગળ આવશે. પાણીનું આ અતિપૂરાણુ ઝરણુ છે તે પાછલાં પાંચ હજાર વરસો કરતાં અધિક સમયથી વહે છે. જ્યાં સુધી તેના શ્રોત (Springs)ને સંબંધ છે તે ત્રણ બાજુથી આવે છે. એક બૈતુલ્લાહ ખાનાએ કા'બાની નીચેથી બીજુ સફા પહાડ બાજુથી અને ત્રીજુ મરવા પહાડની બાજુથી આવે છે. તેમજ સૌથી વધુ પાણી તે શ્રોતથી આવે છે જે ખાનાએ કા'બા તરફથી આવી રહેલું છે. જ્યારે કે

બૈતુલ્લાહથી આ ઝરણાનું પાણી કેવળ ૨૦ મિટર છે.

અજબની વાત છે કે ઝમઝમના કૂવાની ઊંડાઈ (Depth) લગભગ ૩૦ મિટર છે. તેના વ્યાસ (Diameter) વિવિધ છે. કૂવામાં પાણીનું લેવલ લગભગ ૪ મિટર છે, આખુ વરસ તો આ લેવલ ન વધે છે ન ઘટે છે, પરંતુ હજ્જના દિવસોમાં જ્યારે હાજી સાહેબાનનો સૌથી મહાન મજમો મક્કા મુકર્રમામાં થાય છે તો તે પાણીમાં વધારો થઈ જાય છે !

સામાન્ય દિવસોમાં કૂવાથી પાણી કાઢવાના માટે ૨૦ હોર્સપાવરનો પમ્પ વપરાય છે જેનાથી એક મિનિટમાં લગભગ ૭૫૦ લિટર પાણી નીકળે છે, જ્યારે કે આ પમ્પ દરરોજ છ સાત કલાક ચલાવવામાં આવે છે. હજ્જના સમયમાં પાણીની જરૂરત વધી જવાના કારણે પમ્પ પણ જરૂરતના પ્રમાણે વધુ વાર સુધી ચલાવવામાં આવે છે, પરંતુ પાણીમાં કદી કમી તથા ખલેલ થવાનો અંદેશો નથી આવતો.

ઝમઝમના પાણીના વૈજ્ઞાનિક પરીક્ષણો અસંખ્ય નિષ્ણાતોએ કર્યાં છે જેના પરિણામે એ વાત જાહેર થઈ છે કે ઝમઝમનું પાણી વિવિધ પ્રકારના તત્વોવાળુ છે જે તમામ માનવ તંદુરસ્તીના માટે ખૂબ જ ફાયદામંદ છે. ઝમઝમના પાણીનો એક અન્ય ગુણ પણ નોંધપાત્ર છે કે જો બોટલ વગેરેમાં વરસો વરસ સુધી પણ રાખવામાં આવે તો પણ ન તેનો સ્વાદ બદલાય છે ન તો રંગ તથા ગંધમાં કોઈ ફેરફાર થાય છે ન તો એમાં જીવજંતુ પડે છે.

રિસાલતકાળથી આજ સુધી મુસલમાનોના પરીક્ષણો તથા અનુભવો સાક્ષી છે કે લોકોએ એક એક મહિના સુધી ખાવા નથી ખાધુ બલ્કે ઝમઝમના પાણી પર ટકી રહેતા હતા ! છતાં ન તેમને ભૂખે સતાવ્યા અને તો તેમને કોઈ શારીરિક કમજોર નડી.

જ્યારે કે તેની નજીકના કૂવાઓ 'બીરે દાઉદિયા' જે હરમની અંદર બાબે ફહદની તરફ ભોંયતળિયામાં છે તેનું પાણી વૈજ્ઞાનિક પરીક્ષણો,





સ્વાદ તથા સર્વ ગુણોમાં ઝમઝમના પાણીથી તદ્દન વિરુદ્ધ છે. ઉપર દર્શાવેલ ભૌતિક ખૂબીઓ એની જગાએ છે પરંતુ ઝમઝમનું વિશિષ્ટ પાસુ એ પણ છે જેને વર્ણન કરતાં આપ ﷺએ ફર્માવ્યું **هى هزمة جبرئيل وسقيا اسماعيل** એટલે ઝમઝમનું પાણી ખૂબ ધરાઈ ધરાઈને પીયા કરો કેમ કે એ જિબ્રઈલની પાંખ અથવા એડીના ઘા વડે નીકળેલું તથા ઈસ્માઈલની સબીલનું પાણી છે. *(અખ્બારે મક્કા, અઝરકી)*

આપ ﷺનો નિર્દેશ ઝમઝમની શરૂઆતના એ પ્રસંગ પ્રતિ સંબંધિત છે જ્યારે હઝરત ઈબ્રાહીમ علیہ السلام અલ્લાહ તઆલાના હુકમથી પોતાની ચહીતી પત્ની હઝરત હાજરા અને પોતાની દુઆઓનું ફળ તથા હઝરત હાજરાના એકના એક નવ જન્મેલ પુત્ર હઝરત ઈસ્માઈલને એ સમયે ઝમઝમના સ્થળ પાસે એકલા છોડીને ચાલ્યા ગયા જ્યારે કે ત્યાં વિરાન રણમાં ન કોઈ માણસ હતું ન માનવ પુત્ર, ન પડછાયો ન છાંયડો હતો, અને ન ખાવામાં કોઈ ચીજ અને પીવા માટે પાણી હતું બસ એ જ ઉજ્જડ મેદાન અને આ બે કુદ્સી મહેમાન ! એવી હાલતમાં જ્યારે હઝરત ઈસ્માઈલ علیہ السلامને તરસ લાગી અને ભૂખી પ્યાસી મમતાના સીનામાં દૂધ પણ સૂકાઈ ચૂક્યુ તો પુત્રના ધ્રુસ્કાં સાથેના રૂદનને લીધે તેમને એ ડર સતાવવા લાગ્યો કે આ નાનુ બાળક જિંદગીનો એક માત્ર સહારો ક્યાંક તરસથી મૃત્યુ ન પામે, જેથી જલ્દીથી બાળકને એક પથ્થરના છાંયડામાં સૂવાડીને હઝરત હાજરા સફા પર્વત તરફ દોડયાં અને ઉપર ચઢીને ચો તરફ નજર દોડાવી. પાણીનો કોઈ ઝરીયો જોવા ન મળ્યો તો જલ્દી જલ્દી ઉતર્યાં અને એવી જગાએ જ્યાંથી બાળક નજરોથી અદશ્ય થઈ રહ્યો હતો તો દોડીને ઉપર ચઢયાં અને બાળકને હાથપગ હલાવતો જોયો તો સામેની પહાડી મરવાની તરફ ચાલી નીકળ્યાં. મરવા પર ચઢીને ચારેવ તરફ જોયું. પાણી અહીં પણ ક્યાંય ન હતું પછી ઉતર્યાં. બેચૈનીમાં આ જ રીતે સફાથી મરવા અને મરવાથી

સફાના સાથે ચક્કર કેવી આજમાઈશના ચક્કર હતા. આ સાતમો ચક્કર હતો, મરવા પર પહોંચીને હવે જેવી બાળક પર નજર દોડાવી તો ઈસ્માઈલ عليه السلامની તદન નજીક જ એ જ ફરિશ્તો મૌજૂદ હતો જેને ઈબ્રાહીમ عليه السلامની પાસે પહેલાં પણ જોઈ ચૂક્યાં હતાં. હાંફતાં કાંપતાં પુત્રની પાસે પહોંચ્યાં તો જોયું કે હઝરત ઈસ્માઈલના પગો તરફના ભાગેથી સાફ સુથરુ પાણીનું એક ઝરણુ વહી રહ્યું છે. પાણી ફેલાવીને દૂર જવા લાગ્યું તો તેને ભેગુ કરવાના માટે જલ્દી જલ્દી રેતીની પાળ બાંધી લીધી. પરંતુ પાણીનો ફોર્સ રેતીની સામાન્ય પાળીને વહાવીને લઈ જતુ હતું. આપ પાળને ઠીક કરતાં રહેતાં અને પાણીને કહેતાં જતાં 'ઝમઝમ' થોભી જા ! અનાયાસે આપોઆપ હઝરત હાજરાની જીભેથી નીકળનારા આ જ તે શબ્દો હતા જે આજે દીને ઈબ્રાહીમના ઈતિહાસનો એક મહત્વનો મહાન શાનવાળો હિસ્સો છે સારાંશ કે એ જ સમયથી એ ઝરણા તથા પાણીના સંગ્રહનું નામ ઝમઝમ છે. હઝમતુ જિબ્રઈલ તથા સક્યાએ ઈસ્માઈલ. (જિબ્રઈલની પાંખ મારવાની જગા અને હઝરત ઈસ્માઈલની તૃપ્ત થવાની જગા)

સફા તથા મરવા વચ્ચે હઝરત હાજરાની બેચૈની સાથેની દોડના તે સાત ચક્કર કોણે જોયા હતા, સિવાય એના જે સર્વ કાંઈ જોનારો અને સાંભળનારો છે તે જ ખાલિકે કાઈનાત અને રબ્બે કદીર ! જો આ યાદગાર ચક્કરોને જો અલ્લાહ તઆલા સઈના રૂપે મુસલમાનો પર વાજિબ ન ઠરાવત અને પોતાના આ ઘરની હજ્જ તથા ઝિયારતને ફર્ઝ ન ઠરાવત તો હઝરત હાજરાની આ સફળ કોશિશ તથા ઝમઝમનો હાલ કોને યાદ રહેતો ?! તે ઝમઝમ જે પ્રારંભમાં આ બે કુદ્સી મહેમાનોનો કફીલ (આધાર) રહ્યો અને ત્યાર બાદ જેનાથી હિજાઝવાસીઓ સદીઓ સુધી ફયઝયાબ થતા રહ્યા અને પછી લાખો હિજાઝવાસીઓ તથા ઝિયારત કરનારાઓ આખુ વરસ જેને સંપૂર્ણ તૃપ્ત





થઈને વાપરે છે અને તોહફા રૂપે લઈ જઈને દુનિયાભરના મુસલમાનોમાં વહેંચે છે. આ ક્રમને પણ સદીઓ વહી ચૂકી છે.

આં હઝરત ﷺએ ફતહે મક્કાના પ્રસંગે એક ડોલ પાણી પોતાના દસ્તે મુબારક વડે ઝમઝમના કૂવામાંથી કાઢયું પછી ડોલમાં જ મોઢું લગાડીને એક ઘૂંટડો પાણી પીધું પછી બીજો ઘૂંટડો લઈને પરત એ જ ડોલમાં નાખી દીધો અને ફર્માવ્યું કે હવે એને કૂવામાં પાછુ રેડી દો. સહાબાએ કિરામનું બયાન છે કે આજ્ઞાનું પાલન કરવામાં આવ્યું તો એ સમયે એવી ખુશ્બુ મહેકી જે એનાથી અગાઉ અમે સુંઘી ન હતી. *(અખ્બારે મક્કા)*

આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે ماء زمزم لما شرب له 'ઝમઝમનું પાણી દરેક તે હાજતને પૂર્ણ કરનાર છે જેના માટે એને પીવામાં આવે.'' *(કુતુબે અહાદીષ, અખ્બારે મક્કા, અઝરકી)*

બેશક ! આબે ઝમઝમ હઝમતે જિબ્રઈલ પણ છે અને સક્યા ઈસ્માઈલ પણ છે. પરંતુ આ બનાવ પછી એ નબુવ્વતનો ફયઝાન પણ છે અને મુસલમાનો માટે એક અકલ્પ્ય નેઅમત પણ છે. આપ ﷺનો ઈર્શાદ છે :–

★ ઝમઝમ બરકતવાળુ પાણી છે, ભૂખમાં ખોરાક છે, બીમારીમાં શિફા છે. *(મુસ્લિમ)*

★ કયામતથી પહેલાં અલ્લાહ તઆલા મીઠા પાણીને ઉઠાવી લેશે, અલ્બત્ત કેવળ ઝમઝમનું પાણી રહેશે. *(અખ્બારે મક્કા અઝરકી)*

★ જો તમે એને પનાહના માટે પીશો તો અલ્લાહ તમને પનાહ આપશે. *(દારકુત્ની)*

★ આપણામાં અને મુનાફિકોમાં એ ફરક છે કે મુનાફિક કદી પણ પેટ ભરીને ઝમઝમ નથી પી શકતો જ્યારે આપણે ખૂબ જ ધરાઈને પીએ છીએ. *(ઈબ્ને માજહ)*

★ ઝમઝમ પીવાથી નિફાક઼ જતો રહે છે એનાથી માથાનો દુ:ખાવો દૂર થઈ છે અને દષ્ટિ તેજ થાય છે. (અખ્બારે મક્કા)

★ ઝમઝમ દુનિયાના પાણીઓમાં સૌથી શ્રેષ્ઠ છે. *(ઈબ્ને માજહ, તિબરી)*

★ ઉલમા કહે છે કે ઝમઝમનું પાણી જન્નતના પાણીથી બેહતર છે, એટલા માટે કે જિબ્રઈલે અમીને બચપનમાં જ્યારે હુઝૂર ﷺના દિલને ચાક કર્યું તો સર્વ સામાન જન્નતથી લાવ્યા અને ઝમઝમનું પાણી દુનિયાથી લેવામાં આવ્યું.

★ આપ ﷺ જ્યારે આબે ઝમઝમ પીતા તો ઉભા રહીને પીતા અને જ્યારે પીવા લાગતા તો આ દુઆ પઢતા :–

اَللّٰهُمَّ اِنِّی اَسْئَلُكَ عِلْمًا نَافِعًا وَّرِزْقًا وَّاسِعًا وَّشِفَاءً مِّنْ كُلِّ دَآءٍ

*–(બુખારી કિતાબુલ અશ્રબા)*

**وآخر دعوانا ان الحمد لله رب العلمين ٥**

**وصل الله تعالى على حبيبه سيدنا محمد واله واصحابه اجمعين ٥**








## કા’બે કી રોનક કા’બે કા મન્ઝર

કા'બે કી રોનક કા'બે કા મન્ઝર અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !
દેખૂં તો દેખે જાઉં બરાબર અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !

હમ્દે ખુદાસે તર હૈં ઝબાનેં, કાનોંમે રસ ઘોલતી હૈં અઝાને
બસ ઈક સદા આતી હૈ બરાબર, અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !

તેરે હરમ કી કયા બાત મૌલા તેરે હરમ કી કયા બાત મૌલા
તા ઉમ્ર કર દે આના મુક઼દ્દર, અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !

માંગી હૈ મૈંને જિત્ની દુઆએં મકબૂલ હોગી મન્ઝૂર હોંગી
મીઝાબે રહમત હૈ મેરે સર પર, અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !

યાદ આ ગઈ જબ અપની ખતાએં, અશ્કોંમેં ઢલને લગી ઈલ્તિજાએં
રોયા ગિલાફે કા'બા પકળકર અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !

ભેજા હૈ જન્નતસે તુઝ કો ખુદાને, ચુમા હૈ તુઝ કો ખૂદ મુસ્તફાને
અય સંગે અસ્વદ તેરા મુક઼દર અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !

મૌલા **‘સ઼બીહ઼’** ઔર ક્યા ચાહતા હૈ, બસ મગફિરત અતા ચાહતા હૈ
બખ્શિશ કે તાલિબ પર અપના કરમ કર, અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !

